**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૨૮ ડિસેંબર ૨૦૧૦**

## મત્સ્યદુકાળ જાહેર કરો, અને ડિઝલ ની સબ્સીડી શરૂ કરો : રામ નાઈક

**મુંબઈ, મંગળવાર :** " તાજેતરમાંજ પૂરો થયેલ મત્સ્યગંધા મહોત્સવમાં કેંદ્રિય પ્રધાન શ્રી. શરદ પવારે કરેલ વકતવ્ય ગંભીર સ્વરૂપનું હોઈ મહારાષ્ટ્રના માછીમારો ના હિત માટે તેમણે પોતે, તેમજ મહારાષ્ટ્ર સરકારે તાત્કાલીક ઉપાય યોજનાઓ શરૂ કરવાની જરૂર છે. સૌથી પહેલાં તો રાજયમાં મત્સ્ય દુકાળ જાહેર કરવો અને ડિઝલ પરની સબ્સીડી ફરીથી શરૂ કરવી," આ મુજબની માગણી માજી કેંદ્રિય પ્રધાન શ્રી રામ નાઈક અને ભાજપ મહારાષ્ટ્ર માછીમાર પાંખના સંયોજક શ્રી રાજેન મેહેરે કરેલ છે.

મત્સ્યગંધા મહોત્સવનું ઉદ્‌ઘાટન કરતીવેળા પોતે શ્રી શરદ પવારે પોતાના ભાષણમાં સ્પષ્ટ કબૂલાત કરી છે કે ગુજરાત, પશ્ચિમ બંગાળ, કેરળ વગેરે રાજયમાં મત્સ્ય ઉત્પાદનમાં ૬ ટકા વધારો થયો હોવા છતાં મહારાષ્ટ્રમાં મત્સ્ય ઉત્પાદનમાં છ ટકાની ઘટ આવેલ છે. શ્રી શરદ પવારના આ વકતવ્ય તરફ ધ્યાન દોરતા શ્રી રામ નાઈકે કહ્યું કે, " રાજયમાં મત્સ્ય ઉત્પાદન ઘટી રહ્યું છે તે તરફ અમે વારંવાર ધ્યાન દોરવા છતાં સરકારે કોઈપણ પ્રકારની ઉપાયયોજના લાગૂ કરી નહીં. કમસેકમ હવે તો મત્સ્ય દુકાળ જાહેર કરી માછીમારોને ખરૂં આશ્વાસન આપવાનું કામ સરકારે કરવું જોઈએ. "

શ્રી રામ નાઈક પોતે પેટ્રોલિયમ પ્રધાન હતા તેવેળા માછીમારોને માછીમારી માટે વપરાતી બોટ માટે વપરાતા ડિઝલ પર મળનારી છૂટ વધારી લીટર દીઠ ૧.૫૦ કર્યો હતો. ડિઝલ - પેટ્રોલ ના વધેલા ભાવો ધ્યાનમાં રાખી આ છૂટ વધારવાની માગણી વારંવાર કરીને પણ કૃષિપ્રધાન શ્રી.શરદ પવાર અને પેટ્રોલિયમ પ્રધાન શ્રી મુરલી દેવરાએ તે તરફ તદ્દન દુર્લક્ષ કર્યુ છે. એટલુંજ નહી તો દેખાવ ખાતર તે વધારી રૂ. ૩ કર્યા હોવાનો દાવો કર્યો પરંતુ તે ફકત દારિદ્રરેષા તળે ના માછિમારો ને જ આપવાનો નિર્ણય લીધો. દારિદ્રરેષા તળેના માછીમારો પાસે પોતાની બોટ જ હોવાની શકયતા નથી તે દિવા જેવી સ્પષ્ટ હકીકત છે. પરિણામે આ સબ્સીડી કેંદ્ર સરકારે બંધ જ કરી હોવાનું જમા છે. તે ફરી શરૂ કરવામાં આવે, તેવી માગણી પણ શ્રી રામ નાઈક અને શ્રી રાજેન મેહેરે કરેલ છે.

"ગુજરાતમાંનું મત્સ્ય ઉત્પાદન વધેલ છે કારણ ત્યાં માછીમારી બંદરોનો રીતસર વિકાસ કરવામાં આવે છે. અમે પાછલાં પાંચ વર્ષથી મહારાષ્ટ્ર ખાતેના બંદરો નો વિકાસ કરો તેવી માગણી કરી રહ્યાં છીએ. પરંતુ રાજય સરકાર અને કેંદ્ર સરકાર તે તરફ દુર્લક્ષ કરી રહી છે. મત્સ્યગંધા મહોત્સવમાં મુખ્યપ્રધાન શ્રી પૃથ્વીરાજ ચૌહાણ અને ઉદ્યોગ પ્રધાન શ્રી નારાયણ રાણે પણ ઉપસ્થિત હતાં. હવે તો સંયુકતપણે સાતપાટી, અર્નાળા, કરંજા, દેવગડ, મીરકરવાડા, આગરદાંડા, સાખરીનાતે, હરણે વગેરે રાજયમાંના માછીમારી બંદરોનો યોજનાબદ્ધ અને અગ્રક્રમે વિકાસ કરવાની શરૂઆત કરવી," તેમ પણ શ્રી રામ નાઈક અને શ્રી મેહેરે કહ્યું હતું.

મત્સય ઉત્પાદનમાં ઘટ ધ્યાનમાં લઈ માછીમારો માટે મદદ નો હાથ લંબાવવાની જરૂર છે. માછીમારી અર્થાત દરિયા પરની ખેતી મનાય છે. તેથી માછીમારોને પણ ખેડૂતોની જેમ જ ૪ ટકા વ્યાજ દરે કર્જ આપવાની સગવડ ઊભી કરવી જોઈએ તેમજ બરફના કારખાના માટે આપવામાં આવતો વીજ પુરવઠા પરનું અનુદાન ૪૦ પૈસા પરથી વધારી રૂ.૧.૪૦ કરવામાં આવે, આ માગણી કરતાં રામ નાઈકે કહ્યું હતું કે, " સીઆરઝેડ ના નિયમોની ચોકખી અમલ બજાવણી કરવી માછીમારોના હિતમાં છે. તે થવી જ જોઈએ, તે સાથે માછીમારોના ઘરો સુરક્ષિત રાખવામાટે સરકારે વિશેષ પ્રયત્ન કરવા જોઈએ. આ બાબતે વિસ્તૃત વિવેચન મુખ્યપ્રધાને આશ્વાસન આપ્યા મુજબ નવા નિયમો પંદર દિવસમાં આવ્યા બાદ જ શકય છે."

મત્સ્યગંધા મહોત્સવ થઈ ગયો. હવે ઉપાય યોજના કરી માછીમરોને મદદ નો હાથ વિના વિલંબે કેંદ્ર અને રાજય સરકારે લંબાવવો, તેવું આવહ્ન પણ પત્રકની અંતે શ્રી રામ નાઈક અને શ્રી રાજન મેહેરે કરેલ છે.

**(કાર્યાલય સચિવ)**